મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૮૯ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરના માર્ગો પર ઝળુંબતાં વૃક્ષો વાહનચાલકો માટે 'ભયજનક'!!!

## શહેરમાં નમી પડેલા અને સૂકાં જોખમી ૧૩૯ વૃક્ષોનું માર્કિંગ કરાયું : સત્વરે આ વૃક્ષોને દૂર કરવાની કામગીરી હાથ ધરાશે



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના રાજમાર્ગો પર બંને તરફની વનરાજીમાં અનેક વૃક્ષો જોખમી અવસ્થામાં રોડ તરફ વાહનચાલકોના માથે પડવાની તૈયારીમાં હોય તે રીતે ઝબુંળી રહ્યા છે. વન વિભાગ દ્વારા આ બાબતે ફરી વાર કોઈ અકસ્માત ના સર્જાય તે હેતુથી આવા જોખમી ગણાતા ૧૩૯ વૃક્ષોને ઓળખી માર્કિંગ કરવામાં આવ્યું છે. જેને કાપવાની પ્રક્રિયા ટૂંક સમયમાં જ હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના માર્ગો પર અમૃક વૃક્ષો તો એટલા નમી પડયા છે કે ચાલુ વરસાદમાં ગમે ત્યારે પડી શકે છે.

શહેરની વનરાજીમાં રસ્તા નજીક અથવા રહેણાંક કે કોમર્શિયલ એકમોની નજીકમાં નમી પડેલા તથા સૂકાઈ ગયેલા તેવા જોખમી જણાતા વૃક્ષોને ઓળખી કાઢવામાં આવ્યા છે. અગાઉ પણ આ પ્રકારે જોખમી વૃક્ષોને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ તાજેતરમાં થયેલા વરસાદમાં શહેરમાં વૃક્ષો પડવાની ઘટનાઓ સર્જાઈ છે જેમાં કેટલીક કારને નુકશાન થવા પામ્યું હતું તે જોતા આ પ્રક્રિયા ફરીથી હાથ ધરી ૧૩૯ જોખમી વૃક્ષોનું માર્કિંગ કરી લેવાયું છે. શહેરના રોડ નં. ૩ સહિત આડા અને ઉભા બંને તરફના મુખ્ય માર્ગો પર હજુ આ પ્રકારે નમી પડેલા જોખમી અને ગમે ત્યારે વરસાદમાં પડી જાય તેવા સુકા વૃક્ષો જોવા મળી રહ્યા છે. અગાઉ મહાત્મા મંદિર પાસે એક યુવાન વૃક્ષ પડવાથી ઈજાગ્રસ્ત થવા પામ્યો હતો. આ જોતા વરસાદમાં આવા જોખમી વૃક્ષો જમીનદોસ્ત થાય અને કોઈ જાનહાની સર્જાય તે પહેલા ત્વરિત અસરે તેને દૂર કરાય તેવી નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે. કારણકે કેટલાક નમેલા વૃક્ષો તો ત્યાંથી પસાર થતા વાહનચાલકો માટેઅડચણરૂપ પણ બની રહ્યા છે અને રાત્રિના સમયે જલ્દી દેખાતા ના હોવાથી વધુ જોખમી જણાય છે.

# સ્ટોર્મ વૉટર ચેમ્બરના ઢાંકણ ફરીથી તુટી ગયા...!!!



ગાંધીનગર, તા.૨૨

શહેરના માર્ગો પર તાજેતરમાં જ સ્ટૉર્મ વૉટર લાઈનના ચેમ્બરના ઢાંકણ નવા નાંખવામાં આવ્યા છે તેમાંથી કેટલાક તુટી જતા ફરી એકવાર વાહનચાલકો તથા રાહદારીઓ માટે જોખમ ખડું થવા પામ્યું છે. શહેરમાં 'ખ' માર્ગ પર તથા સચિવાલયની નજીકમાં આ પ્રકારની સમસ્યા સર્જાવા પામી છે.

તાજેતરમાં શહેરમાં સ્ટૉર્મ વૉટર લાઈનના ચેમ્બરોને નવા સિમેન્ટના ઢાંકણ બેસાડવામાં આવ્યા હતા. આ ઢાંકણ પરથી પસાર થતા ભારે વાહનના કારણે ફરીથી કેટલાંક ઢાંકણ તુટી જવાની સમસ્યા સર્જાવા પામી છે. આ કારણે ફરીથી આ પ્રકારનું જોખમ ખડું થવા પામ્યું છે. શહેરનું મહાત્મા મંદિર જે સ્થળે છે તે ખ માર્ગ પર અનેક ચેમ્બરના ઢાંકણ તુટી જવા પામ્યા છે. સ્ટૉર્મ વૉટર લાઈન પરની ચેમ્બરો પર નવા સિમેન્ટના ઢાંકણો લગાડવામાં આવ્યા હતા જેન રોડના લેવલ સાથે નવેસરથી સેટ પણ કરવામાં આવ્યા હતા. જો કે આ ઢાંકણો પરથી પસાર થતા ભારે વાહનોના કારણે ઢાંકણો ફરી તુટી જતા પુનઃ જોખમી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યુ છે. અત્યારે વરસાદી મૌસમ શહેરમાં જામી ચુકી હોવાથી તુટેલા ઢાંકણના કારણે કોઈ અકસ્માત સર્જાય તે પહેલા ત્વરિત અસરે તેને દુર કરી નવા મજબૂત ઢાંકણ લગાડવામાં આવે તેવી નાગરિકો તંત્ર પાસે અપેક્ષા સેવી રહ્યા છે.

# વૈષ્ણોદેવી પાસેથી પીકઅપ ડાલામાં પશુઓ ભરીને જતા શખ્સની ધુલાઈ

## અડાલજ પોલીસ મથકમાં સામસામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૨

અડાલજ નજીક વૈષ્ણોદેવી સર્કલ પાછળ ખોરજ ગામની સીમમાંથી પીકઅપ ડાલામાં પશુઓ ભરીને પસાર થઈ રહેલા શખ્સને ત્રણ યુવાનોએ પકડી ને ઢોર માર માર્યો હોવાની વિગતો ધ્યાને આવી છે. ગેરકાયદેસર રીતે ડાલામાં પશુઓ ભરીને લઈ જઈ રહેલા શખ્સના હાડકા ભાંગી નાખવામાં આવ્યા છે. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા આ શખ્સે અડાલજ પોલીસ મથકમાં ત્રણેય હુમલાખોર યુવાનો સામે ગુનો દાખલ કરાવ્યો છે. તો બીજી તરફ ગેરકાયદેસર રીતે પશુઓને ડાલામાં લઈ જવા મામલે તેની સામે પણ ક્રોસ ફરિયાદ દાખલ થવા પામી છે. અડાલજ પોલીસ મથકના પીએસઆઈ ગોસ્વામીએ સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા આનંદ ભાથીભાઈ રબારીએ ગઈ સાંજે અડાલજ નજીક વૈષ્ણોદેવી મંદિર પાછળ ખોરજ ગામની સીમમાંથી ગેરકાયદે પીકઅપ ડાલામા છ પશુઓને ભરીને લઈ જઈ રહેલા કડી તાલુકાના આલમપુર ગામના શખ્સ શેખ ફકીર મહમદ અકબર મિયા સામે પશુઓને દોરડાથી બાંધી ઘાસચારો કે પાણીની વ્યવસ્થા નહીં કરી ગુનો કર્યા મામલે ફરિયાદ નોંધાવી છે. તો બીજી તરફ આ ગુનાના આરોપી શેખ ફકીર મહમદ અકબર મિયાએ ઘાટલોડિયાના શખ્સ આનંદ ભાથીભાઈ રબારી તથા તેના અન્ય બે સાગરીતો સામે પણ ગુનો દાખલ કરાવ્યો છે. ફકીર મહમદ અકબર મિયાની ફરિયાદ મુજબ આનંદ અને તેના બે સાગરીતોએ મળીને તેઓ ડાલામાં પશુઓ લઈ જઈ રહ્યા હતા ત્યારે ઉભા રખાવી ગડદાપાટુનો માર મારીને લાકડીથી ફટકારી બંને પગે ફ્રેક્ચર કરી નાખ્યા હતા. આ મામલે ત્રણે યુવાનો સામે અડાલજ પોલીસે ક્રોસ ફરિયાદ લઈ આઈપીસી કલમ ૩૨૫ મુજબ ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરૂ કરી છે.

# રાંચરડાની સીમમાં ફાર્મહાઉસમાં ચાલતા જુગારધામ પર આર.આર સેલનો દરોડો

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા રાંચરડા ગામની સીમમાં આવેલા એક ફાર્મહાઉસમાં ગઈકાલે મોડી સાંજે ગાંધીનગર આર.આર.સેલે દરોડો પાડી જુગારધામમાંથી નવ શકુનિઓને પકડી પાડ્યા હતા. ફાર્મ હાઉસની ઓસરીમાં ટોળું વળીને આ શકુનિઓ બાજી માંડીને બેઠા હતા. આ બાતમીના આધારે સેલે દરોડો પાડતા ફાર્મહાઉસમાં નાસભાગ મચી ગઈ હતી. આર.આર.સેલે દરોડો પાડીને રૂપિયા ૩૨ હજારના મુદ્દામાલ સાથે નવ શકુનિઓની ધરપકડ કરી લીધી છે. જેનુ ફાર્મ હાઉસ હતું અને જુગારીઓને બેસાડ્યા હતા તે અમદાવાદનો શખ્સ ત્યાંથી મળી આવ્યો ન હતો. સેલે તેની સામે પણ ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે. આ મામલે સાંતેજ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થવા પામી છે અને સાંતેજ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર રેન્જ આઈજીની સ્કવોર્ડ આર.આર.સેલે ગઈ રાત્રે ચોક્કસ બાતમીના આધારે સાંતેજ પોલીસ મથકની હદમાં આવેલા રાંચરડા ગામના એક ફાર્મ હાઉસમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડયો હતો. રાજુ ઠાકોર ફાર્મ હાઉસ ઉપર આર.આર.સેલે દરોડો પાડીને જુગાર માંડીને બેઠેલા નવ શખ્સોને કોર્ડન કરીને પકડી પાડ્યા હતા. જ્યારે જેનુ ફાર્મ હતું તે રાજુ ઠાકોર સ્થળ પર હાજર મળી આવ્યો ન હતો. આર.આર.સેલે અમદાવાદના બાબુ હસન પટેલ, સજુ બચુ દંતાણી, નાસીર અસ્લમ શેખ, સલીમ કાસમ મેમણ, આસીફ મુસ્તુફા પઠાણ, કિશોર બચુ વાઘેલા, મહંમદ સલીમ અબ્દુલકરીમ શેખ, કિરીટ નટુ વૈષ્ણવ અને કમલેશ મનુ રાઠોડ મળીને અમદાવાદના તમામ નવ શકુનીઓની ધરપકડ કરી લીધી હતી. આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૧૪,૬૦૦ તથા ૮ નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા ૩૨,૧૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ નવ આરોપીઓની ધરપકડ કરી દીધી છે. તો બીજી તરફ જે શખ્સનુ ફાર્મ હાઉસ હતું તે રાજુ ઠાકોર સામે પણ ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે કરી છે. સમગ્ર પ્રકરણ અંગે સાંતેજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી સાંતેજ પોલીસને વધુ તપાસ સોંપવામાં આવી છે.

# ચિલોડા ખાતે વનવિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ચિલોડા, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સ્થિત પ્રાથમિક શાળાના પટાંગણમાં વન વિભાગ ચિલોડા ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળાના સંયુકત ઉપક્રમે પર્યાવરણની જાળવણી અને વૃક્ષ ઉછેર અંતર્ગત વધુ વૃક્ષ વાવો, વરસાદ લાવો, પર્યાવરણ બચાવોના સુત્રને સાર્થક કરવા વૃક્ષ એજ જીવન રૂપે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વનવિભાગના ફોરેસ્ટ અધિકારી સુનિલસિંહ વાઘેલા, સુનિલ એમ. ચૌધરી તથા કિંજલબેન ચૌધરી સહિત ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ મંડળીના ચેરમેન જૈમિન પટેલ, શિક્ષણવિદ નટુભાઈ પટેલ, શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શાળાના વિદ્યાર્થીઓ વગેરે વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા હતા.

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ-૧૨ પવિત્રાના હિંડોળામાં સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯ થી ૧૦ પ્રદિપભાઈ દવે બ્લોક નં.૧૦૪ દેવગ્રીન્સ ફલેટ પેથાપુર ખાતે યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે ગુંફન કલાના કલાત્મક હિંડોળામાં સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

## કેરળના પિડિતો માટે રક્ષાબંધન સાદાઈથી ઉજવીએ

ગાંધીનગર, તા.૨૨

રાખી ધાગો કા ત્યૌહારની ઉકિતને સમર્થન આપતો રક્ષાબંધનનો તહેવાર ચાલુ વર્ષે રવિવારના રોજ આવે છે. પરિણામે કુટુંબીજનો સાથે તહેવાર માણી શકાશે.

ચોમાસાના વરસાદે કેરળમાં હાહાકાર મચાવ્યો છે અને સમગ્ર કેરળ પાણી-પાણી થઈ ગયું છે. અસંખ્ય પરીવારો જાનહાનિ તેમજ માલહાનિનો ભોગ બન્યા છે અને પુરથી કરોડો રૂપિયાનું નુકશાન થયું છે. આ પુર પિડિતોને સહાયરૂપ થવા રક્ષાબંધનના દિવસને સાદાઈથી ઉજવી થતા ખર્ચની રકમ બચાવી કેરળ પિડિતોને મદદરૂપ થવાની ઉમદા કામગીરી કરી શકાશે.

## 'સાવનભાદો' હિંડોળાના દર્શન યોજાયા

ગાંધીનગર, તા.૨૨

હવેલી મંદિર સેકટર-૨૧ ખાતે સાવનભાદોના હિંડોળાના દર્શન ગત રવિવારના રોજ યોજાયા હતા. જેમાં મોર-કોયલ જેવા પક્ષીઓના ટહુકા સાથે વાદળોનો ગડગડાટ તેમજ વરસતા વરસાદમાં ઠાકોરજીના સ્વરૂપને હિંડોળામાં ઝુલાવાયા હતા. આ દર્શનનો લાભ અંદાજે પાંચ હજાર જેટલા વૈષ્ણવોએ લીધો હતો. આયોજકોના સુદ્રઢ આયોજનના કારણે દર્શનનો કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## ગાયત્રી મંદિર ખાતે જન્માષ્ટમીએ વેશભુષાની હરીફાઈ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

પૂજન ડાન્સ એકેડમી, ગાયત્રી મંદિર પરિવાર તથા લાયોનેસ કલબ ઓફ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આગામી તા. ૩-૯-૧૮ ને સોમવારના રોજ જન્માષ્ટમી નિમિતે ગાયત્રી મંદિર સેકટર-૧ ખાતે વેશભુષા હરીફાઈનું આયોજન કર્યુ છે. બાળકોમાં ૩ થી ૯ અને ૯ થી ૧૫ તેમજ ૧૫ થી વધુ મોટા બાળકો પણ ભાગ લઈ શકશે. વધુ માહિતી માટે તેમજ આપનું નામ નોંધાવવા માટે પ્રજ્ઞાબેન ગજ્જર મો.૯૯૦૪૨ ૫૧૬૫૧, ડીમ્પલ દેસાઈ મો. ૯૯૨૫૨ ૩૪૯૯૦, જશુબેન ઠક્કર ૭૬૨૧૦ ૨૫૧૪૨ તથા ગાયત્રી મંદિર સે-૧ ખાતે નોંધાવવા માટે અનુરોધ કર્યો છે. આ પ્રસંગે પૂજન ડાન્સ એકેડમીના બાળકો દ્વારા નૃત્ય નાટિકાઓ પણ પ્રસ્તુત કરાશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ નર્મદાબેન લાલજીભાઈ, ઉ.વ. ૭૧
- સ્વ. શાંતાબેન મોહનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૦
- સ્વ. દરજી મધુબેન કાન્તિલાલ, ઉ.વ. ૮૧
- સ્વ. મુનેસા દેવજીભાઈ હરજીભાઈ, ઉ.વ. ૫૫

## માનવ વિકાસ પરિષદની સાધારણ સભા શનિવારે યોજાશે

અખિલ ભારત અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિ માનવ વિકાસ પરિષદની ૨૦૧૭-૧૮ની ૧૩મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૫મી ઓગસ્ટના સાંજના સાડા ત્રણ વાગે પ્લોટ નં. ૧૭૫૭/૨, સેકટર-૨-ડી ગાંધીનગર ખાતે યોજાશે તો તમામ આજીવન તથા ક્રિયાશીલ સભાસદોને સમયસર હાજર રહેવા પ્રમુખ કનુભાઈ એમ. પરમારે જણાવ્યું છે.

## કેરળના અસરગ્રસ્તો માટે ફાળો એકત્ર કરતા આરઆરએસના સ્વંયસેવકો

કેરળમાં મેઘરાજાએ તબાહી મચાવી દીધી છે, લાખો નાગરીકો ઘર વિહોણા બની ગયા છે. લાખો કેરળવાસીઓ રાહત કેમ્પમાં આશ્રય લઈ રહ્યા છે. પુરના પાણીના પ્રવાહમાં કેરળવાસીઓને ભારે નુકશાનીનો સામનો કરવો પડ્યો છે ત્યારે ગાંધીનગર શહેરના સેકટરોમાં ઘરે ઘરે જઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સેવકો કેરળના અસરગ્રસ્તો માટે ફાળો એકત્ર કરવાની કામગીરી કરી રહ્યા છે.



# સિવિલમાં છેલ્લા સપ્તાહમાં મેલેરીયાના ૫૧ કેસ નોંધાયા

## ડેન્ગ્યું-૪, કમળાના-૧૩, ઝાડા-ઉલ્ટી-૧૬૬ તેમજ ટાઈફોઈડના ૨૭ કેસ નોંધાયા છે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં હાલના સમયે વરસાદી માહોલ જામ્યો છે. ઘણા લાબા સમય બાદ વરસાદે આગમન કર્યું છે. વરસાદી પાણી ભરાવાને પગલે ઠેર ઠેર કાદવ-કિચડ અને ગંદકી જોવા મળી રહી છે. ત્યારે ગાંધીનગર શહેરી-જિલ્લા વિસ્તારમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચક્યુ છે ત્યારે સિવિલમાં અગાઉના અઠવાડીયમાં મેલેરીયાના માત્ર ૨૫ કેસ સામે આવ્યા હતા. જયારે માત્ર એક અઠવાડીયામાં માત્ર મેલેરીયાના ૫૧ કેસ સામે તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. ગાંધીનગર સિવિલ અને ખાનગી દવાખાના પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ઘરે-ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. ત્યારે સિવિલમાં માત્ર એક સપ્તાહમાં ડેન્ગ્યુ-૪, કમળા-૧૩, ટાઈફોઈડ-૧૩ અને ઝાડા-ઉલ્ટીના ૧૬૬ દર્દીઓ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં સામાન્ય વરસાદમાં મચ્છરજન્ય રોગચાળો વધુ વકર્યો હોય તેમ લાગી રહ્યું છે. સિવિલમાં આઠમો માળ દર્દીઓથી ઉભરાઈ રહ્યો છે. મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાને ડામવા માટે તંત્રના અધિકારીઓ કમરકસી રહ્યા છે. ચોમાસાની સિઝનમાં મચ્છરજન્ય રોગચાળો ના ફેલાય તે માટે તંત્ર દ્વારા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. તેમ છતા મચ્છરજન્ય રોગચાળો ફેલાતા શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. સિવિલમાં વોર્ડમાં સ્ટાફની પણ અછત સર્જાય તેવી સ્થિતિ ઉદ્ભવી છે. સિવિલના ચોપડે માત્ર સાત દિવસમાં મેલેરીયાના ૫૧ કેસ અને ડેન્ગયુ ના -૪ કેસ નોંધાય છે. અગાઉના અઠવાડીયામાં સિવિલના ચોપડે મેલેરીયાના માત્ર ૨૫ કેસ હતા. જે ગત અઠવાડીયામાં ડબલ થઈ ગયા છે. શહેરના ખાનગી દવાખાનામાં પણ દર્દીઓનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. રાત્રીના મોડે સુધી ડોક્ટરના ત્યાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે ત્યારે સિવિલમાં કમળાના-૧૩, ટાઈફોઈડના-૨૭ તેમજ ડેન્ગ્યુના-૪ કેસ સામે આવતા તંત્ર પણ દોડતું થઈ ગયું છે.

# સે-૫નો ગાર્ડન અદ્યતન બનાવવા વસાહતીઓની માંગ



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૫ ખાતે જાહેર જનતા માટે બગીચો આવેલો છે. પરંતુ આ બગીચામાં સુવિધાઓ અપુરતી અને અધુરી છે, જેથી બગીચો ઉજ્જડ વેરાન જેવો બની ગયો છે. બગીચાની આસપાસ ખુલ્લીમાં બિન ઉપયોગી વનસ્પિત ઉગી નીકળતા અવાવરુ જેવું લાગી રહ્યું છે. જયારે રાત પડતા બગીચો અસામાજીક તત્વોનો અડ્ડો બની જવા પામે છે. ત્યારે આ બગીચાને વિકસાવવામાં આવે તેવી માંગ તંત્ર સમક્ષ વસાહત મંડળ દ્વારા કરવામાં આવી છે.

સેકટર-૫ વસાહત મંડળના હોદ્દેદારોના જણાવ્યા મુજબ સેકટર-૫ નો ગાર્ડન શોભાના ગાંઠીયા સમાન બની જવા પામ્યો છે. ગાર્ડનમાં સુવિધાઓ નથી તેટલી દુવિધાઓ છે. ગાર્ડનનો વિકાસ કરવા માટે નાગરીકો દ્વારા વારંવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા વિકાસ કરવામાં આવ્યો નથી. બગીચાની ચો તરફ ફેન્સીંગ તુટી ગઈ છે. સેકટરમાં આઠ હજારથી વધુ વસ્તી ધરાવતા હોવાથી બગીચાનો વ્યાપ વધારવો. ગાર્ડનમાં સાંજ ઢળતા જ અંધારપટમાં છવાઈ જાય છે. તો અંધારાને પગલે અસામાજીક તત્વો પોતાનો અડ્ડો જમાવે છે. જયારે લાઈટના થાભલા પણ બંધ હાલતમાં છે, તો લાઈટ સત્વરે શરુ કરવી. બગીચાની સાર સંભાળ માટે ચોકીદારની નિમણુંક કરવી. જયારે બાળકો બગીચાને રમતગમતનું મેદાન સમજે છે જેથી સિનિયર સિટીઝનોને બાંકડા પર બેસવામાં તકલીફ પડે છે. ત્યારે તંત્ર દ્વારા સેકટર-૧,૨,૭, અને ૮ ના ગાર્ડન જે રીતે વિકસાવવામાં આવ્યા છે તે રીતે સે-૫ ના બગીચાનું પણ રીનોવેશન કરીને અદ્યતન બનાવવા ગાંધીનગર સેકટર-૫ વસાહત મંડળ દ્વારા તંત્ર સમક્ષ લેખિત રજુઆત કરાઈ છે.